**ક્રિમીનલ કેસ નં.          /**

**આંક –૦૧ લગત હુકમ**

હાલનું કામ વંચાણે લીધુ. હાલના કામે વિ. એપીપીશ્રી દ્વારા કેસ પરત ખેચવા પરવાનગી માંગેલ છે. જે વિડ્રો પુરષીશ તથા તેમાં દર્શાવેલ મહે. કલેકટરશ્રી સુરતનો પત્ર વંચાણે લીધો. ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૩૨૧ ની જોગવાઈ વંચાણે લીધી. હાલના કામે વિ. એપીપીશ્રી  મહે. કલેકટરશ્રી સુરતના હુકમ મુજબ હાલનો કેસ પરત ખેચવા માંગતા હોય કેસના સંજોગો ધ્યાને લઈ પરવાનગી આપવામાં આવેલ છે. જેથી હાલનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૩૨૧ અન્વયે ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે. આરોપીને બિન તહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે વચ્ચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે વિકલ્પે હુકમ કરવામાં આવેલ ન હોય તો નાશ થવાપાત્ર મુદ્દામાલનો નાશ કરવા તેમજ અન્ય મુદ્દામાલ જાહેર હરાજીથી વેચાણ કરી ઉપજેલ રકમ સરકાર ખાલશા કરવા હુકમ કરવામાં આવે છે.

આથી વધુમાં એવો પણ હુકમ કરવામાં આવે છે કે હાલનો કેસ આરોપીઓ નહિ મળી આવવાથી પરત ખેંચતા હોય ભવિષયમાં ફરિયાદપક્ષ આરોપીઓને શોધી પકડી રજૂ કરે તે સંજોગોમાં ફરિયાદપક્ષને કેસ ફરિ ચલાવવા માટે યોગ્ય પરવાનગી આપવામાં આવે છે.

**હુકમ આજ તા.૧૩મી ઓગષ્ટ, ૨૦૨૨ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.**

**નીરવકુમાર બિહારીભાઈ પટેલ**

તા.૧૩/૦૮/૨૦૨૨

૧૯માં એડી. ચીફ જયુડી. મેજી.
સુરત, કોડ નં.જીજે ૦૧૧૨૬